For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# 45 વર્ષ બાદ દશેરાના બીજા દિવસે થયું રાવણ દહન!

**ગુરુવારે** રામલીલાના કલાકારો પલળ્યા, આખરે શુક્રવારે ગ્રાઉન્ડમાંથી પાણી નિકાલ કરી ઉત્સાહભેર કાર્યક્રમ સંપન્ન કરાયો





(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરામાં ઉત્તર ભારતીય સાંસ્કૃતિક સંઘ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ દશેરાના દિવસે પોલો ગ્રાઉન્ડ ખાતે ભવ્ય રામલીલા અને રાવણ દહનનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો, પરંતુ ગુરુવારે સાંજે અચાનક પડેલા ધોધમાર વરસાદના કારણે કાર્યક્રમ મોકૂફ રાખવાની ફરજ પડી હતી. 45 વર્ષના ઈતિહાસમાં આવું પ્રથમ વખત બન્યું છે કે જ્યારે રાવણ દહનનો કાર્યક્રમ દશેરાના બીજા દિવસે એટલે કે શુક્રવારે યોજાયો હોય.

ગુરૂવારના રોજ સાંજે 5:30 વાગ્યે રામલીલા શરૂ થવાની હતી. પરંતુ તે પહેલા જ વરસાદ પડતાં પોલો ગ્રાઉન્ડમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. રામલીલામાં ભાગ લેવા માટે વેશભૂષા સાથે તૈયાર થઈને આવેલા લગભગ 150 જેટલા કલાકારો વરસાદમાં પલળી ગયા હતા. ટુ-વ્હીલર પર આવી રહેલા કલાકારોનો મેકઅપ પણ ધોવાઈ ગયો હતો. આખરે, રામલીલાના તમામ કલાકારોની ઈચ્છાને માન આપીને આયોજકોએ કાર્યક્રમ એક દિવસ માટે મોકૂફ રાખવાનો અને શુક્રવારે યોજવાનો નિર્ણય લીધો હતો. સંઘના જનરલ સેક્રેટરીએ જણાવ્યું હતું કે, રાવણ, કુંભકર્ણ અને મેઘનાથના પૂતળાને પાતળા પ્લાસ્ટિકનું આવરણ કરવામાં આવ્યું હોવાથી પૂતળા વરસાદમાં ભીના થતા બચી ગયા હતા.

ગુરુવારે કાર્યક્રમ મોકૂફ રહ્યા બાદ શુક્રવારે વરસાદ પડશે તો માત્ર રાવણ દહન જ કરવામાં આવશે, તેવું આયોજકો દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. જો કે, શુક્રવાર સવારથી જ વાતાવરણ ચોખ્ખું દેખાતા તંત્ર અને આયોજકો કામે લાગ્યા હતા.

સવારથી જ પોલો ગ્રાઉન્ડ મેદાનમાંથી વરસાદી પાણીના નિકાલની કામગીરી પૂરજોશમાં શરૂ કરવામાં આવી હતી. રાવણ દહન જોવા આવતા લોકોને કોઈ તકલીફ ન પડે તે માટે દિવસ દરમિયાન ખાસ પ્રયાસો કરવામાં આવ્યા હતા. સાંજ સુધીમાં વાતાવરણ સ્વચ્છ થઈ જતાં લોકોએ હાશકારો લીધો હતો અને રામલીલા તેમજ રાવણ દહનની તૈયારીઓ ફરી પૂરજોશમાં શરૂ કરી દેવામાં આવી હતી.

આખરે, શુક્રવારે રામલીલાનો સમય થતા જ મોટી સંખ્યામાં લોકો પોલો ગ્રાઉન્ડ ખાતે એકત્રિત થવા લાગ્યા હતા. રામલીલા બાદ રાવણ દહનનો કાર્યક્રમ પણ સફળતાપૂર્વક કરવામાં આવ્યો હતો. લોકોએ ભારે ઉત્સાહભેર રામલીલા તેમજ રાવણ દહનના કાર્યક્રમ નિહાળ્યો હતો અને કાર્યક્રમના અંત સુધી લોકોની મોટી ભીડ પોલો ગ્રાઉન્ડ ખાતે જોવા મળી હતી. આ વર્ષે 45 વર્ષના ઈતિહાસમાં પહેલીવાર રાવણ દહન દશેરાના બીજે દિવસે કરવામાં આવ્યું હોય તેવો અનોખો બનાવ બન્યો હતો.

---

**સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ**

# કારેલીબાગના મંદિરમાંથી 5 મિનિટમાં જ બે તસ્કર રૂપિયા ભરેલી બે દાન પેટી ચોરી ગયા

**સવારે** સવા પાંચ વાગે મંદિરના વૃદ્ધ સેવક દૂધ લેવા ગયા અને તસ્કરોએ ખેલ પડ્યો



(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલા અંબા માતાના મંદિરને બે તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. પરોઢિયે સવા પાંચ વાગ્યાના અરસામાં મંદિરના વૃદ્ધ સેવક દૂધ લેવા માટે ગયા હતા ત્યારે તસ્કરો મંદિરમાંથી ત્રણથી ચાર મિનિટમાં જ બે દાનપેટીની ચોરીને કરીને રફુચક્કર થઈ ગયા હતા. પૂજારીએ મંદિરના સીસીટીવી કેમેરા ચેક કરતા ચોરી કરવા આવેલા બે તસ્કર કેમેરામાં કેદ થઈ ગયા હતા. કારેલીબાગ પોલીસે ફૂટેજના આધારે બંનેને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં વારંવાર ચોરીને અંજામ આપી તસ્કરો પોલીસને ખુલ્લો પડકાર ફેંકવા સાથે નાઈટ પેટ્રોલિંગના લીરેલીરા ઉડાવી રહ્યા છે. ત્યારે કારેલીબાગ વિસ્તારમાં આવેલા અંબા માતાના મંદિરને 3 ઓક્ટોબરના રોજ બે તસ્કરોએ નિશાન બનાવ્યુ હતું. શુક્રવારે પરોઢિયે સવા પાંચ વાગ્યાના અરસામાં મંદિરમાં સેવા કરતા વૃદ્ધ દૂધ લેવા માટે ઉઠયા હતા. ત્યારે મંદિરના સંકુલમાં બાંકડા પર બેઠેલા બે શખ્સ બહાર નીકળી ગયા હતા. જેવા વૃદ્ધ દૂધ લેવા માટે દુકાને ગયા હતા. ત્યારે આ બે તસ્કર દરવાજાથી ફરી મંદિરમાં આવ્યા હતા અને બે દાન પેટી કાઢી ચોરી કરીને લઈ ગયા હતા. તસ્કરો ત્રણથી ચાર મિનિટમાં ખેલ પાડી રફુચક્કર થઈ ગયા હતા. વૃદ્ધ આવ્યા ત્યારે મંદિરના મુકેલી બે દાન પેટી જોવા મળી ન હતી. જેથી તેઓએ મંદિરના પૂજારીને આ ચોરીની જાણ કરી હતી. પૂજારી તાત્કાલિક દોડી આવ્યા હતા અને મંદિરમાં લગાવેલા સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા ત્યારે ચોરી કરવા માટે આવેલા બે ચોર કેમેરામાં કેદ થઈ ગયા હતા. જેથી કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવતા પોલીસે મંદિરમાં ચોરી કરનાર બંને ચોરને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે. ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે હવે તસ્કરોને માતાજી કે ભગવાનનો પણ કોઈ પ્રકારનો ડર રહ્યો નથી. જેના કારણે તેઓ મંદિરોને પણ બેખોફ રીતે નિશાન બનાવી રહ્યા છે.

---

**દેવી દેવતા તથા રામાયણ સહિતના પવિત્ર ગ્રંથો માટે અભદ્ર શબ્દો બોલતા ભારે રોષ**

# ‘ભગવાન રામ માટે અભદ્ર ટિપ્પણી કરનાર આરોપીની બાપોદ પોલીસે ધરપકડ કરી

**હિન્દુ** સમર્થકે બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી



(પ્રતિનિધિ) વડોદરા તા.3

બાપોદ વિસ્તારમાં એક શખ્સે હિન્દુ દેવી દેવતા વિષે અપશબ્દો બોલી ટિપ્પણી કરી ફોટા સાથે વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર વાઈરલ કર્યો હતો. ઉપરાંત બળાત્કારીઓને ઈન્દ્ર ભગવાન છે રામાયણ સહિતના પવિત્રગ્રંથોને વિષે પણ બીભત્સ શબ્દો બોલતો હતો. આ શખ્સે વિરોધ કરનાર લોકોને તથા તેમના પરિવારના સભ્યોને ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જેથી સામાજિક સંસ્થાના કાર્યકરોએ વિરોધ નોંધાવ્યો અને તેના વિરુદ્ધ પોલીસે આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા શહેરમાં સોશિયલ મીડિયા પર એકાઉન્ટ બનાવીને વીડિયો અપલોડ કરવા માટે બીલાડીના ટોપની જેમ ફુટી નીકળ્યા છે. જેમાં ઘણા લોકો સહેજ પણ કોઈ ઘટના બને તો સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી અપલોડ કરી વાઈરલ કરી નાખતા હોય છે. ત્યારે બાપોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક શખ્સે હિન્દુ ધર્મના લોકોની ધાર્મિક લાગણી દુભાઈ તેવુ કૃત્યું આચર્યું હતું. જેમાં આ શખ્સે હિન્દુ ધર્મના લોકોની ધાર્મિક લાગણીને ઠેસ પહોંચે તેવા ઈરાદાથી હિન્દુ દેવી દેવતાઓ વિષે અભદ્ર ટિપ્પણી કરી હતી.

વીડિયો બનાવીને શોસિયલ મીડિયા પર અપલોડ કરી દીધા બાદ પણ હિન્દુ દેવી દેવતાઓ તથા રામાયણ તેમજ હિન્દુ ધર્મના અન્ય પવિત્ર ગ્રંથો વિષે મનફાવે તેવી બીભત્સ શબ્દો બોલી અપમાન કરતો વીડિયો બનાવ્યો હતો અને આ વિડિયો પણ વાઈરલ કર્યો હતો. જેના કારણે હિન્દુ ધર્મના અન્ય સમર્થકો નાગદાભાઈ આયર, કરૂણાદાસ નિર્મળદાસ હકુભા નાનાભાઈ દરબાર સહિતના લોકોમાં આ શખ્સો પ્રત્યે ભારે રોષની લાગણી ફેલાઈ હતી. આ લોકો તેનો સખત શબ્દો વિરોધ નોંધાવ્યો હતો. ત્યારે આ વ્યક્તિએ વિરોધ કરનાર લોકો તથા તેમના પરિવારના સભ્યોને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી બાપોદ પોલીસે આરોપી નિલેશ નાનજી જીતીયાની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

---

**LVP ગરબા મુદ્દે શહેર ભાજપમાં જ મતભેદ**

# વિધર્મીઓને પાસ આપનાર LVP ગરબામાં ભાજપ ધારાસભ્યની છેલ્લા નોરતે હાજરી

**અકોટા** ધારાસભ્ય ચૈતન્ય દેસાઈ સાથે ભાજપ કાઉન્સિલરોની પણ હાજરી



(પ્રતિનિધિ) વડોદરા તા.3

શહેરના લક્ષ્મી વિલાસ પેલેસમાં આયોજિત ગરબા અંગે છેલ્લા કેટલાક દિવસથી વિવાદ ચાલતો હતો. ગરબામાં વિધર્મીઓને પાસ આપવામાં આવ્યા હોવાના મુદ્દે હિન્દુત્વવાદી ભાજપના નેતાઓએ કડક વલણ વ્યક્ત કર્યું હતું. શહેર ભાજપ પ્રમુખ ડૉ. જયપ્રકાશ સોનીએ જણાવ્યું હતું કે તેમને આમંત્રણ મળ્યું નથી. જો આમંત્રણ મળશે તો અન્યો સાથે બેઠકો કરીને નિર્ણય લેવામાં આવશે. તેમ છતાં તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે નવરાત્રી માતાજીની આરાધનાનો પર્વ છે અને તેમાં માત્ર માતાજી પ્રત્યે શ્રદ્ધા ધરાવતા લોકોનો જ પ્રવેશ થવો જોઈએ. બીજી તરફ, ભાજપના અન્ય ધારાસભ્યો અને સાંસદોએ પણ આ બાબતે કડક નિવેદનો આપ્યા હતા અને વિધર્મીઓને પ્રવેશ આપવા અંગે વિરોધ કર્યો હતો. તેમ છતાં છેલ્લા નોરતે લક્ષ્મી વિલાસ પેલેસના ગરબામાં અકોટા ધારાસભ્ય ચૈતન્ય દેસાઈ સહિત કેટલાક કાઉન્સિલરો હાજર રહ્યા હતા. આ ઘટનાને કારણે શહેરના રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ ગરમાઈ છે. કારણ કે એક તરફ ભાજપના નેતાઓ વિરોધ વ્યક્ત કરી રહ્યા છે, જ્યારે બીજી તરફ તેમના જ ધારાસભ્ય અને કોર્પોરેટરો ગરબામાં હાજરી આપતા દેખાયા છે. ભાજપ પર હાલ આક્ષેપ થઈ રહ્યા છે કે એક તરફ તેઓ જાહેરમાં હિન્દુત્વની વાત કરે છે અને બીજી તરફ તેમના જ પ્રતિનિધિઓ ગરબામાં જોડાઈ રહ્યા છે. શહેરના રાજકીય પરિસ્થિતિમાં આ મુદ્દો આગામી દિવસોમાં વધુ ચર્ચાનો વિષય બનશે એવું મનાય છે.

---

**ગ્રામ્ય એલસીબી, એસઓજી સ્થાનિક પોલીસ સહિતના ટીમો દ્વારા સંયુક્ત ઓપરેશન**

# જૈન દૈરાસરમાં ચોરી કરનાર દાહોદની ગેંગના પાંચ આરોપીઓની ધરપકડ

**પોલીસે** આરોપીઓ પાસેથી ચાંદીની પ્રતિમા, સિંહાસન અને રોકડ રકમ મળી રૂ. 15.60 લાખનો મુદ્દામાલ કબજે કરાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.3

તાજેતરમાં કરજણ તાલુકાના કંડારી ગામની સીમમાં આવેલી જૈન દેરાસરને નિશાન બનાવીને ધાતુની મુર્તી, 8 સિંહાસન, રોકડ રકમ, ચાંદીની ઈંટો સહિતના વસ્તુઓની ચોરી કરી ગેંગ ફરાર થઈ હતી. ત્યારે એલસીબી સહીતની અલગ અલગ ટીમોએ આ ગેંગનાં પાંચ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યાં છે. ચોર પાસેથી રૂ.15.60 લાખનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે.

બાતમી મળી હતી કે આ જૈનદેરાસરની ચોરીમાં સંડોવાયેલા આરોપી રાહુલ લાલચંદ મેડા (રહે. નંઢેલાવ કાગણી ફળિયુ તા. ગરબાડા. જિ.દાહોદ) કરજણ ખાતે આવવાનો છે. જેથી પોલીસે ત્યા વોચ ગોઠવી ઝડપી પાડ્યો હતો. તેની પૂછપરછ કરતા તેણે સંતાડેલા સાત દિવળાવાળો ચાંદીનો હાથી રૂ. 1 લાખ કબજે કર્યો હતો. 2 ઓકટોબરના રોજ અરવિંદ ખુમસિંગ ભારો, વિકેશ વનજી મેડા તથા હિરજી ઉર્ફે હિરા રામા બિલવાડને પણ ઝડપી પાડવામાં આવ્યાં હતા. તેમની પૂછપરછ કરતા તેઓ ચોરીનો મુદ્દામાલ તેઓના વતનમાં છુપાવ્યો હોવાની કબૂલાત કરી હતી. જ્યારે હિરજી બિલવાડ સાથે મળી આરોપી હિરાલાલાના ઓળખીતા સોની નિલેશ શાંતિલાલ પંચાલ જે દાહેદ ખાતે રહે છે તેને વેચેલા હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસની અલગ અલગ ટીમો દાહેદ ખાતે રવાના થઈ હતી. ત્યારબાદ ભગવાનની અષ્ટધાતુની મૂર્તી 9 કિલોગ્રામ રૂ. 1.20 લાખ, ચાંદીના છત્તર સિંહાસન મળી રૂ. 8 કિલોગ્રામ રૂ. 4.80 લાખ, રોકડા રૂપિયા 1.30 લાખ તેમજ ચાંદીની બે ઈંટો 10.8 કિલો રૂ. 7.20 લાખ મળી કુલ રૂ. 15.60 લાખનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે.

**રેકી કર્યાં બાદ ગુનાને અંજામ આપતા હતા**

આ ચોરી ટોળકી રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાં મજુરી કામ માટે જતી હતી. ત્યારબાદ ત્યાં આવેલા મંદિર જૈન દૈરાસરો અને ધાર્મિક સ્થળોની રેકી કરતી હતી. ત્યારબાદ રાત્રીના સમયે તેમના સાગરીતોને બોલાવીને લૂંટ તથા ધાડ સહિતના ગુનાને અંજામ આપવાની મોડસ ઓપરેન્ડી ધરાવે છે. ચોરી ટોળકી સામે કરજણ સહિત અમદાવાદના વેજલપુર પોલીસ સ્ટેશનમા ગુનો નોંધાયો છે.

---

# દશેરાએ ગંદકી અને પ્લાસ્ટિકનો ઉપયોગ કરનાર વેપારીઓને 61 હજારનો દંડ

બે દિવસમાં મહાનગરપાલિકાએ કુલ 1.05 લાખ રૂપિયા વસૂલ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા મહાનગરપાલિકાએ દશેરાના દિવસે શહેરના વિવિધ વિસ્તારોમાં કાર્યવાહી હાથ ધરી હતી. તહેવારોને કારણે શહેરમાં ઠેર ઠેર ફાફડા-જલેબી સહિતના ખાણીપીણીના ટેન્ટો ઊભા થયા હતા. તપાસ દરમ્યાન પાલિકાના સોલિડ વેસ્ટ વિભાગે ગંદકી અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ થતા વેપારીઓ સામે પગલા લીધા હતા. મળતી માહિતી મુજબ, માત્ર દશેરાના દિવસે એટલે કે 2 ઓક્ટોબરના રોજ જ મહાનગરપાલિકાએ અલગ અલગ વોર્ડ વિસ્તારોમાં 61,400 રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. ફાફડા-જલેબીના ટેન્ટ સાથે અન્ય ફૂડ સ્ટોલ અને નાના વેપારીઓ પણ આ કાર્યવાહીમાં આવરી લેવાયા હતા. ગંદકી ફેલાવવી, પ્લાસ્ટિકનો ઉપયોગ કરવો અને નિયમોનું પાલન ન કરવું જેવા મુદ્દાઓને આધારે સોલિડ વેસ્ટ વિભાગની ટીમે દંડ વસૂલ્યો હતો. આ પહેલા, 1 ઓક્ટોબરે પણ સમાન પ્રકારની તપાસ હાથ ધરાઈ હતી. એ દિવસે પણ વિવિધ વોર્ડોમાં કામગીરી કરીને વેપારીઓ પાસેથી દંડ વસૂલવામાં આવ્યો હતો. બંને દિવસની કાર્યવાહી મળી કુલ 1,05,600 રૂપિયાનો દંડ વસૂલાયો છે.

પાલિકા દ્વારા તહેવારો દરમિયાન ખાસ ચેકિંગ ડ્રાઈવ ચલાવવામાં આવી હતી. વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે તહેવારો વખતે મોટા પ્રમાણમાં ખાણીપીણીના સ્ટોલ ઊભા થાય છે અને લોકોની ભીડને કારણે ગંદકી તથા પ્લાસ્ટિકના કચરા વધે છે. આથી નિયમોને કડક રીતે અમલમાં લાવવામાં આવ્યા છે. શહેરના તમામ વોર્ડમાં વિભાગની ટીમો તૈનાત કરવામાં આવી હતી. વોર્ડવાર તપાસ દરમ્યાન અનેક વેપારીઓ પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા ઝડપાયા હતા. કેટલાક સ્થળોએ ગંદકી જોવા મળી હતી.

---

**બિલ્ડર સંજય પટેલ તેની ઓફિસમાં અન્ય બિલ્ડરોને જુગાર રમવા બોલાવ્યાં**

# ભાયલીવિસ્તારમાંબિલ્ડરનીઓફિસમાંથી જુગાર રમતા 12 નબીરા-બિલ્ડર ઝડપાયાં

**તાલુકા** પોલીસે રેડ કરી, રોકડ રકમ અને 12 મોબાઇલ મળી રૂ. 3.30 લાખનો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા જિલ્લાના ભાયલી વિસ્તારમાં આવેલી ઓફિસમાં ચાલી રહેલા જુગારધામ પર તાલુકા પોલીસે રેડ કરી હતી. ત્યારે બિલ્ડર સંજય પટેલની ઓફિસમાં જુગાર રમતા 12 જેટલા બિલ્ડર સહિતના ખાનદાની નબીરા ઝડપાઇ ગયા હતા. પોલીસ દ્વારા સ્થળ પરથી રોકડ રકમ અને 12 મોબાઈલ મળી રૂ. 3.30 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

અકોટા વિસ્તારમાં બીપીસી રોડ પર કિશન પેરેડાઈઝમાં રહેતા બિલ્ડર સંજય જમનાદાસ પટેલ (ઉં.વ.53)ની ભાયલી વિસ્તારમાં કિશન એલ્ટીશ નામની સાઈટ છે તેની ઓફિસમાં અન્ય બિલ્ડર સહિતના લોકોને બોલાવ્યા છે અને તમામ લોકો ભેગા મળીને ઓફિસમાં જુગાર રમે છે તેવી 2 ઓક્ટોબરના રોજ તાલુકા પોલીસની પેટ્રોલિંગમાં ફરતી ટીમને બાતમી મળી હતી. જેના આધારે પીઆઇ વી એમ ટાંકની સુચના મુજબ ટીમે બાતમી મુજબના સ્થળ પર રેડ કરી હતી. ત્યારે ઓફિસમાંથી જુગાર રમી રહેલા 12 જેટલા બિલ્ડરો ઝડપાઇ ગયા હતા. પોલીસ દ્વારા તમામ ખાનદાની નબીરાઓની અંગજડતી કરી હતી ત્યારે રોકડા રૂપિયા 1.50 લાખ અને 12 મોબાઈલ રૂ.1.80 લાખ મળી રૂ. 3.30 લાખનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે બિલ્ડર સંજય પટેલને તેની ઓફિસમાં જુગાર રમવા દેવા બદલ કમિશન આપવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. અગાઉ જુગારના સ્થળ પરથી વાહનો પણ કબજે કરાતા હતા પરંતુ આ બિલ્ડરો જે વાહન લઈને જુગાર રમવા માટે આવ્યા હતા તે તમામ વાહનો કબજે ન કરાતા અનેક તર્ક વિતર્ક સર્જાયા છે.



**જુગારીઓના નામ સરનામા**

- **અલ્પેશ ગોરધન નારિયા** (રહે.કિશનવ એક્ઝોટીકા, સેવાસી વડોદરા)
- **વિશાલ મોહન પટેલ** (રહે. કિશન ફ્લેટ શ્રીનગર સોસાયટી અકોટા વડોદરા)
- **સંજય જમનાદાસ પટેલ** ( રહે.કિશન પેરેડાઇઝ, ઉર્મી સોસાયટી, બીપીસી રોડ અકોટા વડોદરા)
- **મેહુલ જેન્તી ઝિંઝુવાણિયા** (રહે. કિશનલ સિલ્વોલ, વસંત વિહાર ભાયલી વડોદરા)
- **કુંજ ભરત કાલરીયા** (રહે.વેસ્ટર્ન હાઇટસ, પ્રિયા ટોકીઝ ચાર રસ્તા પાસે સેવાસી વડોદરા)
- **ભાવેશ મનસુખ પટેલ** (રહે. સિલ્પન બ્લિસ, ભાયલી વડોદરા)
- **વિપુલ જય પટેલ** (રહે. રાજનગર સોસાયટી અકોટા વડોદરા)
- **સંદિપ કેશનવાલ પટેલ** (રહે. શ્યામલ સોસાયટી, નિલામ્બર સર્કલ પાસે વાસણા વડોદરા)
- **પિયુષકુમાર મનસુખલાલ નાદપરા** (રહે.નોટિલ્સ એપા. સબરી સ્કૂલ પાછળ ભાયલી વડોદરા)
- **નયન ભીમજી લિમ્બાચીયા** (રહે. એવરેસ્ટ એક્સપોરિયા ભાયલી વડોદરા)
- **પિયુષ અશ્વિન વાચાણી** (રહે. અર્પણ ફ્લેટ દિવાળીપુરા વડોદરા)
- **વિમલ મગન પટેલ** (રહે. શ્યામલ હાર્મની નિલામ્બર સર્કલ, વાસણા વડોદરા)

---

**સ્થાયીની બેઠકમાં વધારાની દરખાસ્ત સાથે 10 કામોને મંજૂરી**

# ફતેગંજ-હરીનગર ફ્લાયઓવર નીચેના રમતગમત સંકુલનું સંચાલન VSPFને સોંપાયું

**VSPF** સમા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ તથા માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષનું હાલ સંચાલન કરે છે

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની યોજાયેલી બેઠકમાં કુલ 10 કામોને મંજૂરી આપવામાં આવી છે. બેઠક દરમ્યાન એક વધારાની દરખાસ્ત તરીકે ટુરીસ્ટ વિભાગની દરખાસ્ત પણ રજૂ કરવામાં આવી હતી, જેને સમિતિએ મંજુરી આપી છે. ટુરીસ્ટ વિભાગની દરખાસ્ત મુજબ હાલ ચાલી રહેલા શહેરી વિકાસ વર્ષ દરમ્યાનના મહત્વના ફ્લેગશીપ પ્રોજેક્ટ અંતર્ગત ફતેગંજ ફ્લાયઓવર બ્રિજ તથા હરીનગર ફ્લાયઓવર બ્રિજ નીચે બનાવાયેલા રમતગમત સંકુલના સંચાલન અંગે નિર્ણય લેવાયો હતો. હાલ વડોદરા સ્પોર્ટ્સ પ્રમોશન ફાઉન્ડેશન (VSPF) દ્વારા વડોદરા મહાનગરપાલિકાના સમા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ તથા માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષનું તમામ પ્રકારનું સંચાલન કરવામાં આવે છે. સ્થાયી સમિતિએ આ જ સંસ્થા દ્વારા ફતેગંજ અને હરીનગર ફ્લાયઓવર નીચેના રમતગમત સંકુલનું સંચાલન કરવાની મંજૂરી આપી છે.

આ નિર્ણયથી બંને ફ્લાયઓવર નીચે તૈયાર કરાયેલા રમતગમત સંકુલનો ઉપયોગ નાગરિકોને સુવિધાપૂર્વક મળી રહે તેવી અપેક્ષા છે. VSPF પાસે રમતગમત સંકુલોનું સંચાલન કરવાનો અગાઉથી અનુભવ હોવાને કારણે નવા સંકુલોના યોગ્ય સંચાલનની જવાબદારી તેમને સોંપવામાં આવી છે. સ્થાયી સમિતિની આ બેઠકમાં અન્ય 9 દરખાસ્તોને પણ મંજૂરી અપાઈ છે. આમ, કુલ 10 કામો માટે હરી ઝંડી આપવામાં આવી છે.

---

**કોર્પોરેશનની બેદરકારી સામે કાઉન્સિલરની તીવ્ર નારાજગી**

# સ્માર્ટ સિટીમાં જયરત્ન બિલ્ડીંગ પાસે BJP સિમ્બોલવાળી કાર ભ્રષ્ટાચારના ખાડામાં ખાબકી

**શાળાઓ**-હોસ્પિટલ નજીક મોટી દુર્ઘટના ટળી, નાગરિકોમાં અસંતોષ વધ્યો



(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા શહેરના વોર્ડ નંબર 14માં આવેલ જયરત્ન બિલ્ડીંગ ચારરસ્તા પાસે કોર્પોરેશન દ્વારા વરસાદી ગટરલાઈન નાખવાના કામ માટે ખોદવામાં આવેલ ખાડામાં ભાજપ પક્ષનું ચિન્હ ધરાવતી કાર ફસાઈ જવાની ઘટના સામે આવી છે. સદ્નસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી.

પ્રાપ્ત વિગતો મુજબ પોલોગ્રાઉન્ડ તરફ જવાના માર્ગ ઉપર કોર્પોરેશન દ્વારા વરસાદી ગટર લાઈન નાખવાની કામગીરી ચાલી રહી હતી. દરમ્યાન આજે બપોરે જયરત્ન બિલ્ડીંગ ચાર રસ્તા પાસે ખાડામાં અચાનક કાર ઉતરી જતા કાર ફસાઈ ગઈ હતી. સ્થળ પર ફરજ બજાવતા ટ્રાફિક બ્રિગેડે જણાવ્યું હતું કે, આગળનો માર્ગ બંધ હોવાનું જણાવી કારચાલકને સમયસર રોકવાનો પ્રયાસ કર્યો હતો, જોકે કારચાલકે વાત અવગણી આગળ વધતા અકસ્માત સર્જાયો હતો.

કૉંગ્રેસ કાઉન્સિલર બાલુસુર્વેએ કોર્પોરેશનના જવાબદાર અધિકારીઓ સામે સવાલો ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, આ કામનું મંજૂરી પત્ર છ મહિના અગાઉ આપવામાં આવ્યું હોવા છતાં કોર્પોરેશન ચોમાસું પૂરુ થઈ જાય પછી ગટરલાઈન નાખવાનું કામ શરૂ કરે છે, જે બેદરકારી બતાવે છે. કાઉન્સિલરે વધુમાં કહ્યું હતું કે, જો રાત્રિ સમયે ખાડામાં વરસાદી પાણી ભરાય તો મોટી અનિચ્છનીય દુર્ઘટના સર્જાઈ શકે છે. કોન્ટ્રાક્ટરે આ કામમાં સુરક્ષાના ઉપાયો, જેમ કે ખાડા પર આડાશ કે ચેતવનારી વ્યવસ્થા ન મૂકી બેદરકારી દાખવી છે.

---

**કાલે પાણી પુરવઠાના સમયમાં ફેરફાર**

# વીજ કાપ : અલગ અલગ ઝોનમાં પાણી વિતરણના સમયમાં ફેરફાર

**સાંજના સમયે** તમામ ઝોનમાં પાણી કાપ અને હળવા દબાણથી ઉપલબ્ધ થશે

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા શહેરમાં રવિવારે પાણી પુરવઠામાં ફેરફાર કરવામાં આવ્યો છે. તા. 05/10/2025ના રોજ સવારે 6:00 થી 8:30 દરમિયાન MGVCLનું શટડાઉન રાખવામાં આવતા શહેરના કેટલાંક વિસ્તારોમાં નિયમિત પાણી વિતરણની જગ્યાએ અલગ સમયે પાણી પુરવઠો કરવામાં આવશે.

આ ફેરફાર અંતર્ગત સવારે વહેલી સવારે 5:00 થી 6:00 વાગ્યા દરમિયાન શહેર વાડી વિસ્તાર, પાણીગેટથી માંડવી વિસ્તાર, મેમણ કોલોની, આજવા રોડ મહાવીર ચાર રસ્તા સુધીના વિસ્તાર, અમન સોસાયટી તેમજ પાણીગેટ ટાંકીની પાછળ આવેલા કોટયાર્ક નગર, ગોવિંદરાવ પાર્ક, બાવચાવાડ તથા જુની વોર્ડ 9 ઓફિસ આસપાસના વિસ્તારોમાં પાણી આપવામાં આવશે.

ત્યારબાદ સવારે 6:00 થી 7:00 દરમિયાન એમ.જી. રોડથી પથ્થરગેટ વિસ્તાર, ઘડીયાળી પોળ તથા બરાનપુરાથી લઈને બજાર ચાર રસ્તા સુધીના વિસ્તારોમાં પાણી વિતરણ કરવામાં આવશે. જ્યારે કિશનવાડી ગધેડા માર્કેટ, નવજીવન, ગુ.હા. બોર્ડ તથા રાવપુરા જેવા વિસ્તારોમાં સવારે વીજ પુરવઠો શરૂ થયા પછી જ પાણી અપાશે. MGVCLનું શટડાઉન પૂર્ણ થયા બાદ સાંજે પાણીગેટ ટાંકીમાંથી અલગ-અલગ ઝોનમાં પાણી પુરવઠો કાપ સાથે તથા હળવા દબાણથી કરવામાં આવશે. નગરજનોએ જાહેર કરવામાં આવેલા આ ફેરફાર અંગે નોંધ લઈને સહકાર આપવા વિનંતી કરવામાં આવી છે.

---

**યુવકે સોશિયલ મીડિયા પરથી સગીરા સાથે મિત્રતા કેળવી હતી**

# ભાયલીના યુવકે વારંવાર દુષ્કર્મ ગુજારી 17 વર્ષીય સગીરાને ગર્ભવતી બનાવી

**સગીરાની** તબિયત લથડતા તબીબે પ્રેગનેન્ટ હોવાનું કહેતા માતા-પિતાના પગ નીચેથી જમીન સરકી ગઇ

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા જિલ્લાના ભાયલી વિસ્તારમાં રહેતા યુવકે કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતી સગીરા સાથે સોશિયલ મીડિયા પરથી મિત્રતા કેળવી હતી. ત્યારબાદ યુવકે તેને પટાવી ફોસલાવીને મળવા માટે બોલાવતો હતો. સગીરા આવતી હતી ત્યારે આ યુવકે તેની સાથે ઘણીવાર શરીર સંબંધ બાંધ્યા હતા. દરમિયાન તેની તબિયત લથડતા ડોક્ટર પાસે લઈ જઈને ચકાસમી કરાવતા સગીરા ગર્ભવતી હોવાનું માલુમ પડ્યું હતું.

વડોદરા શહેર અને જિલ્લામાં દિન પ્રતિ દિન સગારાઓ તથા યુવતીઓ પટાવી તથા લગ્નની લાલચ આપીને વારંવાર દુષ્કર્મ ગુજારીને તેમને તરછોડી દેવામાં આવતી હોવાના અનેક બનાવ પોલીસ ચોપડે નોંધાયા છે. જેમાં ઘણા આરોપીઓની પોલીસે પકડીને જેલના સળિયા પાછળ ધકેલી પણ દીધા છે. તેમ છતાં હજુ પણ યુવીતઓ તથા સગીરાઓ સાથે બળજબરીપૂર્વક શરીર સંબંધ બાંધવામાં આવતા હોવાની ઘટના સામે આવી રહી છે. ત્યારે વડોદરા જિલ્લાના ભાયલી વિસ્તારમાં રહેતો જિગર રાજેશ ખાંટ નામના યુવકે સોશિયલ મીડિયા પરથી કોલેજના બીજા વર્ષના અભ્યાસ કરતી 17 વર્ષીય સગીરા સાથે મિત્રતા કેળવી હતી. ત્યારબાદ બંનેની મિત્રતા પ્રેમમાં પરીવર્તીત થઈ હતી. જેથી યુવક સગીરાએ મોબાઈલ નંબર એકબીજાના આપ્યાં હોય તેઓ કોલ તથા ચેટિંગ દ્વારા સતત વાતચીત કરતા રહેતા હતા. દરમિયાન યુવકે સગીરાના વારંવાર મળવા માટે બોલાવતો હતો. એક વખત સગીરા સાથે શરીર સંબંધની માગણી કરી હતી. પરંતુ સગીરાએ શરૂઆતમાં પ્રતિકાર કર્યો હતો. પરંતુ યુવકે સગીરા સાથે મીઠીમીઠી વાતો કરીને પટાવી લીધી હતી અને તેના પર વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. સગીરાની તબીયત લથડી હતી અને તેના પેટ પણ બહારની સાઈડમાં ઉપસી આવેલું જોતા માતા પિતા ચોંકી ગયા હતા અને પટાવી પૂછ્યું હતું. ત્યારે સગીરાએ તમામ હકીકતથી વાકેફ કરતા તેમના પગ નીચેથી જમીન સરકી ગઇ હતી. ચકાસણી કરાવતા સગીરા ગર્ભવતી હોવાનું માલુમ પડ્યું હતું. પિતાએ દુષ્કર્મી જિગર ખાંટ સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવતા પોલીસે તેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.